શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે
NIPUN BHARAT

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ,
સેકટર–૧૭, ગાંધીનગર
Email : - qem-gcsess@gujarat.gov.in

પત્રકમાંકઃ એસએસએ/QEM/૨૦૨૪/ ૧૬૭૫ - ૨૭૧૨ તા. ૦૮/૦૧/૨૦૨૪

**માન.વડાપ્રધાનશ્રીના કાર્યાલય સંદર્ભે**

**પ્રતિ,**

**(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,**
**જિલ્લા : તમામ.**

**(૨) એડી.જિલ્લા પ્રોજેક્ટ કો.ઓ.અને શાસનાધિકારીશ્રી,**
**ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત કોર્પોરેશન**

**વિષય : માન.વડાપ્રધાનશ્રીના " પરીક્ષા પે ચર્ચા–૨૦૨૪" કાર્યક્રમ બાબત.**

**સંદર્ભ : (૧) સંયુકત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૩૦/૧૨/૨૦૨૩ નો પત્ર**
**(૨) શિક્ષા મંત્રાલય, ભારત સરકાર ન્યુ દિલ્લીનો તા.૧૩/૧૨/૨૦૨૩ નો પત્ર**

ઉપરોકત વિષય અન્વયે શિક્ષા મંત્રાલય, ભારત સરકાર ધ્વારા માન.વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા–૨૦૨૪" કાર્યક્રમ સંદર્ભે આ કાર્યક્રમમાં ધો.૬ થી ૧૨ માં અભ્યાસ કરતાં બાળકો, શિક્ષકો અને માતા–પિતા માટે તા.૧૨/૧૨/૨૦૨૩ થી તા.૧૨/૦૧/૨૦૨૪ દરમ્યાન ઓનલાઈન(MCQ)સ્પર્ધાનું આયોજન કરેલ છે. સ્પર્ધામાં સહભાગીએ તેમના પ્રશ્નો પૂછી શકે છે. જે ઈન્ટરેકિટવ કાર્યક્રમમાં સમાવેશ થઈ શકે છે.

આ કાર્યક્રમ સંદર્ભમાં તમામ શાળાઓના ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ સહભાગી થાય તે માટે આપના તાબાના તમામ બીઆરસી/સીઆરસી કો.ઓ. તેમજ એમઆઈએસ ધ્વારા આ કામગીરી થાય તથા આ કામગીરી માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓના સંકલનમાં રહીને સહયોગ આપવામાં આવે તે મુજબની કાર્યવાહી સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

**(મહેશ મહેતા)**
**સચિવ અને ઓફિસર ઈન્ચાર્જ કયુઈએમ**
**સમગ્ર શિક્ષા, સેકટર–૧૭**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના જાણ સારુ :**

- સંયુકત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૩/૫૦૨૭-૨૮

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૩૦/૧૨/૨૦૨૩

પ્રતિ,
માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,
સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-૧૭,
ગાંધીનગર.

વિષય:- માન. વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમ બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષા મંત્રાલય, ભારત સરકારનો તા.૧૩/૧૨/૨૦૨૩નો ઇ-મેઇલ.
(૨) શિક્ષા મંત્રાલય, ભારત સરકારનો તા.૧૯/૧૨/૨૦૨૩નો ઇ-મેઇલ.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવાનું કે, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમની ૭મી આવૃત્તિ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે જાન્યુઆરી/ફેબ્રુઆરી-૨૦૨૪માં ટાઉન-હોલ ફોર્મેટ, ટાલકટોરા સ્ટેડિયમ, ન્યુ દિલ્હી ખાતે યોજાનાર છે. ઉક્ત કાર્યક્રમમાં ધોરણ-૬ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકો, શિક્ષકો અને માતા-પિતા માટે તા.૧૨/૧૨/૨૦૨૩ થી તા.૧૨/૦૧/૨૦૨૪ દરમ્યાન https://innovateindia.mygov.in/ppc-2024/પર ઓનલાઈન Multiple Choice Question (MCQ) સ્પર્ધા આયોજિત કરેલ છે. સ્પર્ધામાં સહભાગીઓ તેમના પ્રશ્ન પૂછી શકે છે. જે ઇન્ટરેક્ટિવ કાર્યક્રમમાં સમાવેશ થઇ શકે છે. તમામ સહભાગીઓને નિયામક, NCERT દ્વારા સહી કરેલ પ્રમાણપત્ર આપવામાં આવશે. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને તેમના પ્રશ્નો માનનીય વડાપ્રધાનશ્રીને સંબોધવા માટે આમંત્રિત કરેલ છે.

આ કાર્યક્રમના સંદર્ભમાં તમામ શાળાઓના ધોરણ-૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ સહભાગી થાય તે માટે આપના તાબાના તમામ BRC કો-ઓર્ડિનેટર, CRC કો-ઓર્ડિનેટર તેમજ MIS દ્વારા આ કામગીરીમાં તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓના સંકલનમાં રહીને સહયોગ આપવામાં આવે તે માટે તેઓને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા માટે વિનંતી કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

TT/MIS

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્રો.

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

E:\HK-1\પરીક્ષા પે ચર્ચા\પત્ર - 30-12-2023.docx

T. T.
તા. ૩૦/૧૨/૨૩
આ.પ.નં. ૧૨